PG CL **પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ** PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૭/કવા–૦૧/૧૭–૧૮/ ૪૭૬૬ તા. ૦૬/૦૬/૧૭

રજી. એ.ડી. પત્ર

**પ્રતિ,**
**દેવસીભાઈ લવજીભાઈ નકુમ,**
**ગામ: નવા નાગના,**
**તા. જી. જામનગર**
**મો: ૯૯૦૪૭ ૫૦૩૯૪**

**વિષય :–મીટર કાઢવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૭/કવા–૦૧/૧૭–૧૮ )**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

**આપનો વિશ્વાસુ**

**( કે. ડી. વીરડીયા )**
**કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,**
**પીજીવીસીએલ – રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર**
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 02/B

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૩૭/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૩૧–૦૫–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: દેવસીભાઈ લવજીભાઈ નકુમ, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : હાપા પેટા વિભાગીય કચેરી, જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)**

**રજુઆત કરનાર :પી.એલ.ગોહિલ (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)**

## : હુકમ :

## ફરીયાદ : મીટર કાઢવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ: નવાનાગના ખાતે આવેલ સર્વે નંબર : ૩૦૯ મા, તેઓ શ્રી એ જોડાણ ની માંગણી કરેલ ન હોવા છતા – એટલેકે, તેઓ શ્રી એ નવા જોડાણ નુ મીટર પણ માંગેલ ન હોવા છતા– પીજીવીસીએલ ની સબંધક કચેરી ના બીનજવાબદાર વ્યકિતએ – કોઈ અન્ય ગ્રાહક – કે જેના ઓર્દ્યોગીક વીજજોડાણ નં.: ૮૫૫૦૯/૦૦૩૩૫/૯ હોય – તેનુ '' સીકયોર કંપની નુ મીટર નં. ૨૨૨૪૩ '' – જે ખરેખર સાચા ગ્રાહક ને અરજદાર ના ઘર મા લગાડવાને બદલે – તેમના ઘર પર બળજબરી થી લગાડી આપેલ છે. જે મીટર ત્વરીતે કાઢી, મુળ માંગણી મુજબ ના વ્યકિતની જગ્યા પર લગાડવા – તેમજ પીજીવીસીએલ ની આ મુજબ ની બીન કાર્યદક્ષતા હેઠળ ની ફરજ બજાવનાર સામે, યોગ્ય કાર્યવાહી કરવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ ની ફરીયાદ મા વર્ણવ્યા મુજબ નુ, તેમના ગામ: નવાનાગના ખાતે આવેલ સર્વે નંબર : ૩૦૯ માહેના મકાન મા – જે ઓદ્યોગીક વીજજોડાણ નં: ૮૫૫૦૯/૦૦૩૩૫/૯ (૩ કીવો), નુ મીટર નં. ૨૨૨૪૩ લગાડવા બાબતે ની જે ફરીયાદ કરેલ છે. તે બાબતે સ્પષ્ટતા કરતા જણાવવાનુ કે, અગાઉ શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ ના નામનુ, સદર ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૮૫૫૦૯/૦૦૩૩૫/૯ (૩ કીવો), જે મુળ ગ્રાહક શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમે સદર જોડાણ મા બાકી રહેતી તમામ રકમ ભરપાઈ કરી અને તા.૦૫–૦૧–૧૬ ના રોજની લેખીત અરજી આપીને, સદર જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવાની લેખીત માંગણી કરેલ હતી. જેના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, સદર જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવા સબબ નો તા.૧૭–૦૨–૧૬ ના રોજ માલસામાન જમા કરવા સબબની કાર્યવાહી જનક '' પીડીસી મેમો '' તૈયાર કરી અને જોડાણ ને કાયમી ધોરણે રદબાતલ કરવાની કાર્યવાહી હાથ ધરાયેલ હતી. |
| ૨.૨ | ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, જોડાણ કાપવાની કાર્યવાહી સમયે, '' મુળ ગ્રાહક શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ ના પુત્ર એવા શ્રી હરગોવિંદભાઈ દેવજીભાઈ નકુમ '' તરફથી, સદર જોડાણ ની કપાત ન કરતા, ચાલુ રાખવાની વિનંતી કરેલ હતી. અને, '' મુળ ગ્રાહક શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ ના પુત્ર એવા શ્રી હરગોવિંદભાઈ દેવશીભાઈ નકુમ '' શ્રી એ કચેરી મા રૂબરૂ આવી, અને સદર જોડાણ ને પુન: ચાલુ કરવાનો રીકનેકશન ચાર્જ રૂ.૯૦૦/– પણ ભરપાઈ કરી આપેલ હતો.તદ ઉપરાંત, '' મુળ ગ્રાહક શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ ના પુત્ર એવા શ્રી હરગોવિંદભાઈ દેવસીભાઈ નકુમ '' તરફથી, મુળ ગ્રાહક શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ – ની રૂ.૧૦૦ –ના સ્ટેમ્પપેપર પર નો તા.૦૯–૦૩–૧૬ ના રોજના જોડાણ ને પુત્ર ના નામે ચાલુ રાખવા સબબના લેખીત સંમતીપત્ર, પીજીવીસીએલ મા રજુ કરેલ હતા, અને તેના અનુસંધાને, વિધીસર ની નામ બદલી ની અરજી( એટલેકે શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ ના નામ પરથી – મુળ ગ્રાહક ના પુત્ર એવા શ્રી હરગોવિંદભાઈ દેવસીભાઈ |

નકુમ ના નામ પર નામ બદલી ની ) વિવીઃર ની અરજી, પીજીવીસીએલ મા રજુ કરી, અને તા.૧૬–૦૫–૧૭ ના કરારનામુ કરી આપેલ હતુ. આવા કારણોસર, સદર '' જોડાણ, મુળ ગ્રાહક શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ ના નામ પરથી, તેમના પુત્ર શ્રી હરગોવિંદભાઈ દેવસીભાઈ નકુમ ના નામ પર તા.૧૯–૦૫–૧૭ થી નામ બદલી કરાયેલ હતુ.

**૨.૩** આમ, ઉપરોક્ત મુદદા નં.૨.૨ મુજબ ની વિગતે નુ, સદર ઔદ્યોગીક વીજજોડાણ નં.: ૮૫૫૦૯/૦૦૩૩૫/૯ (૩ કીવો)'' – જે હાલ શ્રી હરગોવિંદભાઈ દેવજીભાઈ નકુમ ના નામ પર નામ બદલી થયેલ હોય, અને આ જોડાણ મા કોઈ પીજીવીસીએલ ની બાકી લેણી રકમ ન હોય, જેથી, સદર જોડાણ, પીજીવીસીએલ તરફથી ન કાપતા / સ્થળ પર થી મીટર તેમજ સર્વિસ ન ઉતારતા – ચાલુ રાખવામા આવેલ છે.

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજોક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧** ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે નુ, સદર જોડાણ, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે નુ કપાયેલ જોડાણ, કે જેની બાકી લેણી રકમ રી–કનેકશન સાથે ભરપાઈ થતા, અને આ જોડાણ મા નામ બદલી ની મંજુરી તા.૧૯–૦૫–૧૭ થી મળતા, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, મુળ ગ્રાહક શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ ના નામ પરથી, તેમના પુત્ર શ્રી હરગોવિંદભાઈ દેવસીભાઈ નકુમ ના નામ પર પુનઃ ચાલુ રખાયેલ છે. આમ, આવા કારણોસર, સદર જોડાણ ને, પીજીવીસીએલ તરફથી કાપેલ નથી, તેમજ મીટર અને સર્વિસ પણ ઉતારેલ નથી. અને હાલ ના તબ્બકે, શ્રી હરગોવિંદભાઈ દેવસીભાઈ નકુમ ના નામે સ્થળ પર ચાલુ રખાયેલ છે.

**૩.૨** આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે નુ સદર જોડાણ, જે '' મુળ ગ્રાહક શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ ના પુત્ર એવા શ્રી હરગોવિંદભાઈ દેવસીભાઈ નકુમ ના નામ પર ચાલુ રખાયેલ હોય, જેથી સદર જોડાણ નુ મીટર, જો '' ફરીયાદી અરજદાર શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ ની માલીકી ની જગ્યા પર હોય તો, '' તે જગ્યા પરથી મીટર બદલી અને હાલ ના નામ બદલી વાળા ગ્રાહક એટલેકે શ્રી હરગોવિંદભાઈ દેવસીભાઈ નકુમ ની માલીકી / કાયદેસર ના ભોગવટા ની જગ્યા પર જ – સદર ઔદ્યોગીક વીજજોડાણ નં.: ૮૫૫૦૯/૦૦૩૩૫/૯ (૩ કીવો) ના મીટર ને લગાડવાની બાબત પણ, પીજીવીસીએલ પક્ષકાર માટે કાયદેસર રીતે નિયમાધીન જરૂરી છે. જેથી, સદર જોડાણ ના સદર મીટર ની જગ્યા, જે શ્રી હરગોવિંદભાઈ દેવજીભાઈ નકુમ ની કાયદેસર ની માલીકી ની / ભોગવટા ની જગ્યા પર – જો ન હોય તો – શ્રી હરગોવિંદભાઈ દેવસીભાઈ નકુમ ની કાયદેસર ની માલીકી / ભોગવટા હેઠળ ની જગ્યા પર જ, દિન–૧૦ મા ફરીયાદી અરજદાર શ્રી ( ખાસ કરીને શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ ) ની હાજરી, જાણકારી અને સંતોષ તેમજ ફરીયાદી અરજદાર ( શ્રી દેવસીભાઈ લવજીભાઈ નકુમ ) ના લેખીત સંમતીપત્ર હેઠળ જ – મીટર ની જગ્યા શીફટીંગ કરવા માટે નો – અને તે મુજબ નો અહેવાલ ફોરમ સમક્ષ રજુ કરવા માટે નો – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.–૪ :** **હુકમ**

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર ને ભારપૂર્વક આદેશ આપવાનો હુકમ થયેલ છે.

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય [illegible] સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી અમદાવાદ [illegible] ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ [illegible] ઉલ્લેખ અપીલ અરજીમા થવો જરૂરી છે.